# આઈસીએઆર યોજના અંતર્ગત ખેડૂતો અને વૈજ્ઞાનિકો વચ્ચે ચર્ચા સભા

ઓર્નિથોલોજી અને જૈવિક નિયંત્રણ યોજના, આઈસીએઆર, યુનિટ-૯, આકૃયુ, આણંદ ના સંયુક્ત ઉપક્રમે ટ્રાઈબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટવિતરણનો કાર્યક્રમ તા. ૦૨/૦૩/૨૦૧૯ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નર્મદા-દેડીયાપાડા ખાતે ગોઠવવામાં આવેલ. જેમાં નર્મદા જીલ્લાના કુલ ૧૦૦ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ. આ ખેડૂત શિબિરમાં પાક સંરક્ષણમાં જૈવિક નિયંત્રકોનો ઉપયોગ અને પક્ષીઓની ઉપયોગીતા જેવા વિષયો પર જુદા જુદા વૈજ્ઞાનિકો દ્વારા ખૂબ જ ઉંડાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોને પાક સંરક્ષણમાં ઉપયોગી થઈ શકે તે મુજબ બાયોપેસ્ટીસાઈડ તથા પક્ષીઓના સંરક્ષણ માટે માળા અને નાના ખેડૂતોને ઉપયોગી એવા ખેતઓજારોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ડૉ. ડી. એમ. મહેતા, યુનિટ અધિકારીશ્રી આઈસીએઆર, યુનિટ-૯, આકૃયુ, આણંદના તેમજ ડૉ. સી. કે. બોરડ, ઓર્નિથોલોજીસ્ટ ના સીધા માર્ગદર્શન હેઠળ આ ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. સદર ખેડૂત શિબિરમાં ઓર્નિથોલોજી યોજનાના ડૉ. જે. જી. દુલેરા, જુનિયર ઓર્નિથોલોજીસ્ટ અને જૈવિક નિયંત્રણ યોજનાના ડૉ. નેહા પટેલ, રીસર્ચ એસોસિયેટ તેમજ ડૉ. મીનાક્ષી વી. તિવારી, મદદનીશ વૈજ્ઞાનિક, કેવીકે, દેડીયાપાડા એ ઉપરોક્ત વિષયો પર વ્યાખ્યાન રજુ કર્યા હતા અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું. સંપુર્ણ કાર્યક્રમનું સુબધ્ધ રીતે સંચાલન ડૉ. હીતેશ જાદવ, એસએમએસ, કેવીકે (પાક સંરક્ષણ), દેડીયાપાડા દ્વારા કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને ઈનપુટ કીટનું આયોજન જૈવિક નિયંત્રણ યોજનાના ડૉ. રઘુનંદન બી. એલ. તથા ઓર્નિથોલોજી યોજનાના શ્રી આશિષ નાયી દ્વારા કરવામાં આવેલ હતું.

| કેવીકે-નર્મદા દેડીયાપડા ખાતે ટીએસપી-આઈસીએઆર યોજના અંતર્ગત ખેડૂત શિબિર | |
|---|---|
|  |  |
|  |  |
| ડૉ. મીનાક્ષી વી. તિવારી. દ્વારા ટીએસપી યોજના વિષેની માહિતી | ડૉ. જે. જી. દુલેરા દ્વારા પાક સંરક્ષણમાં પક્ષીઓની ઉપયોગીતા વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન |
|  |  |
| ડૉ. જે. જી. દુલેરા દ્વારા પાક સંરક્ષણ કીટની સમજણ | ડૉ. નેહા પટેલ દ્વારા પાક સંરક્ષણમાં જૈવિક નિયંત્રકોના ઉપયોગ વિષય પર વિસ્તૃત ચર્ચા |
|  |  |
| કીટવિતરણ | કીટવિતરણ |
|   |   |
| કીટવિતરણ | |